# પેટ્રોલપંપોના ચેકીંગ દરમિયાન ચાર કિસ્સામાં ગેરરિતી : ૧ લાખનો જથ્થો જપ્ત

## જિલ્લામાં બે વર્ષ દરમિયાન પેટ્રોલપંપો પર ૩૦ વખત ચેકીંગ કરવામાં આવ્યું

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ૨ વર્ષ દરમિયાન પુરવઠા વિભાગ દ્વારા પેટ્રોલપંપો પર ૩૦ વખત ચેકીંગ કરવામાં આવ્યં હતું. જેમાં ૪ પેટ્રોલપંપો પર ગેરરિતી થતી હોવાનું માલુમ પડયું હતું. ગેરરિતીના કિસ્સામાં રૂ. ૧.૫ લાખની કિંમતનો પેટ્રોલ-ઓઈલનો જથ્થો કબ્જે લેવાયો છે.

વિધાનસભાગૃહમાં કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના પ્રશ્નના ઉત્તરમાં નાગરિક પુરવઠા મંત્રીએ જણાવ્યું હતું કે છેલ્લા બે વર્ષ દરમિયાન જિલ્લામાં ૩૦ વખત પેટ્રોલપંપોનું ચેકીંગ કરવામાં આવ્યું હતું. પેટ્રોલપંપોની તપાસ દરમિયાન ૪ પેટ્રોલપંપોમાં પેટ્રોલના જથ્થામાં વધ ઘટ થતી હોવાની સાથે ભાવના બોર્ડમાં અદ્યતન વિગતો દર્શાવી ન હોવાનું ધ્યાને આવ્યું હતું. જયારે એક કિસ્સામાં લુબ્રીકેટીંગ ઓઈલનો પરવાના વગર વેપાર થતો હોવાનું પણ પ્રકાશમાં આવ્યું હતું. અન્ય એક કિસ્સામાં ઓઈલનો પરવાનો રીન્યુ ન કરાતો હોવાનું પણ ધ્યાને આવ્યું હતું. પેટ્રોલપંપોની ચકાસણી દરમિયાન ધ્યાને આવેલા ગેરરીતીના કિસ્સા બદલ કસુરવાર સામે શિક્ષાત્મક પગલા હાથ ધરી વિભાગ દ્વારા રૂ. ૧,૦૫,૫૨૦ની કિંમતનો પેટ્રોલ ઓઈલનો જથ્થો કબજે લેવાયો હતો. આ ઉપરાંત રૂ. ૫૨,૭૬૦ની કિંમતનો જથ્થો રાજયસાત કરાયો હતો.

**મહાત્મા ગાંધી રોજગાર ગેરંટી યોજનામાં નાણાંકીય ગેરરીતિની ૬ ફરિયાદો મળી**

મહાત્મા ગાંધી રોજગાર ગેરંટી યોજના હેઠળ ગાંધીનગર જિલ્લામાંથી છેલ્લા ૨ વર્ષમાં નાણાંકીય ગેરરિતી અંગેની ૬ ફરિયાદો મળી છે. કલોલના ધારાસભ્યના પ્રશ્નના ઉત્તરમાં ગ્રામ વિકાસ મંત્રીએ જણાવ્યું હતું કે આ પૈકી માણસા તાલુકામાંથી ૩ તપાસોની વિગત ફાઈલ કરવામાં આવી છે. ફરિયાદોના કિસ્સામાં તમામ પ્રક્રીયા કાર્યવાહી હેઠળ છે.

**સરકારી સ્વનિર્ભર કોલેજોમાં ૨૨૮૬ ડિગ્રી ઈજનેરીની બેઠકો ખાલી**

જિલ્લાની સરકારી અને સ્વનિર્ભર ૧૧ કોલેજોમાં મંજુર થયેલી ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમની ૭૦૫૦ બેઠકો પૈકી ૪૭૬૪ પ્રવેશ પ્રક્રીયાના અંતે ભરાઈ છે. ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોક પટેલના પ્રશ્નના જવાબમાં શિક્ષણમંત્રીએ જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૪-૧૫ની પ્રવેશ પરીક્ષાના અંતે ૨૨૮૬ ડિગ્રી ઈજનેરીની બેઠકો ખાલી રહેવા પામી છે.

**ટેકનિકલ શિક્ષણક્ષેત્રે ૨૫ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ**

વર્ષ ૨૦૧૩-૧૪માં ટેકનિકલ શિક્ષણ અન્વયે ગાંધીનગર જિલ્લાના ૨૦ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવી છે.જયારે વર્ષ ૨૦૧૪-૧૫માં ૫ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવી છે. તેમ વિરમગામના ધારાસભ્ય ડૉ. તેજશ્રીબેન પટેલના પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીએ જણાવ્યું હતું.



**વિધાનસભામાં ગાંધીનગર**
- ધનંજય જોષી

# રાજયમાં ભાજપના ઓનલાઈન સભ્યોની સંખ્યા ૧ કરોડ પર પહોંચી

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત ભાજપ દ્વારા સદસ્યતા અભિયાનમાં ઓનલાઈન સદસ્ય નોંધણીમાં ૧ કરોડથી પણ વધારે પ્રાથમિક સદસ્યો બનાવીને એક નવો વિક્રમ સર્જ્યો છે.

તેઓએ રાજયભરમાં કાર્યકર્તાઓને અભિનંદન આપતાં જણાવ્યું હતું કે, રાજયમાં ૪૫ હજારથી વધુ બુથ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ કહ્યું હતું કે, મારે ભારતીય જનતા પાર્ટીના પ્રત્યેક બુથમાં ૨૦૦ પીએમ (પ્રાથમિક સભ્ય) જોઈએ. તેમના આહ્‌વાહનને ગુજરાત પ્રદેશના કાર્યકર્તાઓએ ઉપાડી લઈ પ્રત્યેક બુથમાં સરેરાશ ૨૨૨ સભ્યો નોંધીને નરેન્દ્રભાઈ મોદીના વિચારને મૂર્તિમંત કર્યો છે. તા. ૩૧ માર્ચ સુધી સદસ્યતા અભિયાનમાં પ્રદેશને અપાયેલા ૧ કરોડના લક્ષ્યાંકને બે દિવસ પહેલા એટલે કે તા. ૨૯ માર્ચના રોજ હાંસલ કરવાનો નવો કિર્તીમાન સ્થાપિત કર્યો છે.

સદસ્યતા અભિયાનની વિગતો આપતા તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૯ નવેમ્બરથી પ્રાથમિક સદસ્યતા નોંધણીનું અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જિલ્લા/મહાનગર સ્તરના વર્કશોપનું આયોજન, વિવિધ ક્ષેત્રના વિશિષ્ટ મહાનુભાવોને ભાજપ સાથે જોડવા,

● અનુસંધાન પાન-૭ પર



પક્ષી બચાવો સ્પર્ધા - ગાંધીનગર જિલ્લાના સોજા ગામની શાળામાં પક્ષી બચાવો સ્પર્ધાનું આયોજન કરી અનોખી ભાત પાડી હતી. બાળકોની કલ્પના શક્તિ મુજબ પર્યાવરણના પડકારને ઝીલી અને ઉનાળાની ગરમીથી રક્ષણ આપવા પક્ષીઓ માટે વિવિધ ઉપાયોને આકાર આપવા સ્પર્ધા યોજાઈ હતી. શાળાના અનેક બાળકોએ વિવિધ પ્રકારના પક્ષીઘરો બનાવ્યા હતા. કોઈએ માળો તો કોઈએ ખોખામાંથી ચકલીઘર બનાવ્યા હતા. શાળાની આ અનોખી સ્પર્ધામાં બાળકોની પર્યાવરણ પરત્વેની પ્રતિબદ્ધતા અને પક્ષીઓ પ્રત્યેનો અનોખો પ્રેમ અભિવ્યક્ત થતો હતો. સ્પર્ધામાં ભાગ લેનાર બાળકોની સાથે સાથે અનોખી ભાત ઉપસાવતા આયોજન બદલ શાળાને પણ અભિનંદન આપવા જોઈએ. સોજાની શાળાના આ અભિગમનું અનુકરણ ગામે-ગામ થવું જરૂરી છે...

# ચ-૦ કોબા સર્કલ રોડના કામમાં આડશ બનેલા બાંધકામ દૂર કરાયા

## મિલ્કતધારકોએ હકારાત્મક અભિગમ દાખવી સંમતિ આપી : સર્વિસ રોડનું અટવાયેલુ કામ શરૂ થશે

ગાંધીનગર, તા. ૩૦

ચ-૦ થી કોબા વચ્ચે સર્વિસ રોડના કામમાં આડશ બનતા ૪ મકાનો તેમજ ૧ બોરકુવાના નડતરરૂપ બાંધકામને આખરે તોડી પાડવામાં આવ્યા છે. મિલ્કતધારકોની સંમતિથી આ બાંધકામો તોડવાનું કામ હાથ ધરાયું હતું. આડશ દૂર થતા ૪.૮૦ કી.મી.ના સર્વિસ રોડનું કામ ટુંકમાં શરૂ થશે.

ચ-૦ થી કોબા વચ્ચેના હદમાં માર્ગ અકસ્માતો અટકાવવા તેમજ રોડ સેફટીને ધ્યાને લઈ સર્વિસ રોડ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે આ સર્વિસ રોડના રૂટમાં સ્થિત એકાંતિકા તેમજ આનંદમયી સોસાયટીના બંગલાઓ આવેલા

● અનુસંધાન પાન-૭ પર

# પૈસાની ઉઘરાણી મામલે હત્યા કરવાના ગુનામાં બે ને આજીવન કેદ

## સાંતેજ-રણછોડપુરા માર્ગ પર પત્થરો મારી એક વ્યક્તિને મોતને ઘાટ ઉતાર્યો હતો

ગાંધીનગર, તા. ૩૦

સાંતેજ-રણછોડપુરા માર્ગ પર પૈસાની ઉઘરાણીના મામલે એક વ્યક્તિને માથા તથા મોઢાના ભાગે પત્થરો મારી મોત નિપજાવવાના કેસમાં કલોલ કોર્ટે આરોપીઓને આજીવન કેદની સજા ભોગવવા હૂકમ કર્યો હતો.

આ કેસની પ્રાપ્ત વિગત અનુસાર તા. ૧૧ ફેબ્રુઆરી વર્ષ ૨૦૧૩ના રોજ રાત્રીના ૯.૪૫ કલાકે સાંતેજ રણછોડપુરા માર્ગ પર આરોપી દિનેશસિંગ ઉર્ફે બાબુસિંગ સુબોમંદસિંગ ઠાકર તથા

● અનુસંધાન પાન-૭ પર

# નાણાંકીય વર્ષના અંતિમ દિવસે સરકારી કચેરીઓ ૨૪ કલાક ચાલુ રહેશે

ગાંધીનગર, તા. ૩૦

નાણાંકીય વર્ષનો અંતિમ દિવસ એટલે ૩૧મી માર્ચ. આજના દિવસે સરકારી કચેરીઓ અને બેંકો નાણાંકીય હિસાબને પુર્ણ કરવા તથા પેન્ડિગ બીલોને પાસ કરવાની કામગીરી માટે ૨૪ કલાક ચાલુ રહેશે.


**સરકારી કચેરીઓ ઉપરાંત બેંકો નાણાંકીય વર્ષના અંતિમ દિવસે ૨૪ કલાક ધમધમશે**


નવુ નાણાકીય વર્ષ એપ્રિલથી શરૂ થાય છે. માર્ચની ૩૧મી તારીખ નાણાકીય વર્ષનો અંતિમ દિવસ હોવાથી અગાઉના વર્ષની નાણાકીય લેવડ દેવડનો હિસાબ આ દિવસે પૂર્ણ કરી લેવાનો હોય છે. ખાસ કરીને સરકારી કચેરીઓ અને બેંકોમાં ૩૧મી માર્ચનું મહત્વ ખુબ વધુ હોય છે. જુદા જુદા સરકારી વિભાગોને ફાળવવામાં આવેલી ગ્રાન્ટ ૩૧મી માર્ચ સુધી પુર્ણ થઈ જાય અને તેના બીલો મંજુર થઈ જાય તે માટે સરકારી કચેરીઓના કર્મચારીઓ છેલ્લા એક અઠવાડિયાથી ખુબ મહેનત કરી રહ્યા છે. અગાઉના વર્ષના કોઈ બીલ બાકી ન રહે તે માટે સરકારી કચેરીઓમાં ૩૧મી માર્ચે ૨૪ કલાક કામગીરી ચાલુ રહેશે.

જે વિભાગોમાં મોટી ગ્રાન્ટ આવે છે તે વિભાગોના કર્મચારીઓ માર્ચ મહિનાની શરૂઆતથી જ પેન્ડિગ કામો પુર્ણ કરવામાં જોતરાયેલા છે. કોઈ ગ્રાન્ટ બાકી તો નથી રહેતીને તેના હિસાબો લગાવી બાકી રહેલી ગ્રાન્ટના કામો માટે તાત્કાલિક વર્ક ઓર્ડર આપી તેના બીલો પણ પાસ કરવામાં આવી રહ્યા છે. મોટાભાગે સાંજે ૬.૧૦ વાગે બંધ થઈ જતી સરકારી કચેરીઓમાં આવતીકાલે એક અલગ જ માહોલ જોવા મળશે. આખી રાત કામગીરી ચાલુ રહેશે.

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.
મધુર ડેરી, સેક્ટર-૨૫, 'ક' રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૧૩૪ થી ૩૮, ફેક્સ : ૨૩૨૮૭૧૪૦
The Test of Capital
મધુરનું એક નવું સોપાન
મધુર ઘી ૫ કિલો ટીન પેકમાં
મધુર ડેરી તા. ૨/૪/૨૦૧૫ના રોજથી
૫ કિલો મધુર ઘીનું ટીન પેકીંગ બજારમાં મૂકી રહી છે.
નોંધ :
(૧) મધુરના તમામ પાર્લરો પર
(૨) મધુર ઘી ડીસ્ટ્રીબ્યુટર્સ - રાધેશ્યામ ટ્રેડર્સ - ફોન : ૯૯૨૫૯ ૧૦૧૧૭
રોહિત મહેતા — મેનેજીંગ ડિરેક્ટરશ્રી
ડો. શંકરસિંહ રાણા — ચેરમેનશ્રી


શ્રીમતી આનંદીબેન પટેલ
માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય


શ્રી અશોક ગજપતિ રાજુ પુસાપતિ
માન. મંત્રીશ્રી, નાગરિક ઉડ્ડયન, ભારત સરકાર



એર-શો
૧ થી ૪ એપ્રિલ ૨૦૧૫
: ઉદ્‌ઘાટક :
શ્રીમતી આનંદીબેન પટેલ
માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય

ગુજરાત એરો કોન્કલેવ-૨૦૧૫
૧ એપ્રિલ, ૨૦૧૫
: ઉદ્‌ઘાટક :
શ્રી અશોક ગજપતિ રાજુ પુસાપતિ
માન. મંત્રીશ્રી, નાગરિક ઉડ્ડયન, ભારત સરકાર
ઉદ્‌ઘાટન સમારોહ
તારીખ : ૧ એપ્રિલ, ૨૦૧૫
સમય : સવારે ૯.૩૦ કલાકે
સ્થળ : હોટલ હયાત, વસ્ત્રાપુર તળાવની પાસે, વસ્ત્રાપુર, અમદાવાદ, ગુજરાત



ફ્લાઈંગને લગતું ડિસ્પ્લે
આ વિષયને લગતું પ્રદર્શન દિવસમાં બે વખત યોજાશે અને જાહેર જનતા માટે તે તમામ ચાર દિવસો સુધી ખલ્લું રહેશે.
યુકે સ્થિત બ્રિટિશ એરોબેટિક્સ ચેમ્પિયન્સ સમગ્ર વિશ્વમાં ફ્લાઈંગ એર-શો યોજે છે, તેઓ એર ડિસ્પ્લેની અદ્‌ભૂત રચના અને ચાર એરક્રાફ્ટની મદદથી એકલ એર-ડિસ્પ્લેનું પ્રદર્શન કરશે.

એર-શો
ઉદ્‌ઘાટન સમારોહ
(જાહેર જનતા માટે ખુલ્લું)
તારીખ : ૧લી એપ્રિલ ૨૦૧૫
સમય : સાંજે ૪-૦૦ કલાકે
સ્થળ : સાબરમતી રિવરફ્રન્ટ, અમદાવાદ
જાહેર જનતા માટે : ૨ થી ૪ એપ્રિલ
સમય : સવારે ૧૧-૦૦ થી ૧૧-૨૦ કલાકે
સમય : સાંજે ૪-૨૦ થી ૪-૪૦ કલાકે


શ્રી સૌરભભાઈ પટેલ
માન. મંત્રીશ્રી, નાગરિક ઉડ્ડયન, ગુજરાત સરકાર


શ્રી જશાભાઈ બારડ
માન. રા.ક.મંત્રીશ્રી, નાગરિક ઉડ્ડયન, ગુજરાત સરકાર

GUJSAIL
Ministry of Civil Aviation, Government of India
Department of Civil Aviation, Government of Gujarat
FICCI

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com